Seat No. : _______________

# JA-108

**January-2016**

**B.A., Sem.-I**

**Elective (EC-II) 105 : Gujarati**

**'વિનોદની નજરે' – વિનોદ ભa**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) પ્રશ્નપત્રમાં કુલ **પાંચ** પ્રશ્નો છે ને **બધા** જ પ્રશ્નો ફરજિયાત છે.

(2) જમણી બાજુએ દર્શાવેલા અંકો પ્રશ્નના ગુણ દર્શાવે છે.

1. સર્જકશ્રી વિનોદ ભaના જીવન અને સમગ્ર સાહિત્યસર્જનનો પરિચય કરાવો. **14**

**અથવા**

નીચેના રેખાચિત્રોની વિસ્તૃત સમીક્ષા કરો :

(1) ચંદ્રવદન ચી. મહેતા

(2) જ્યોતીન્દ્ર દવે

2. "વિવિધ વ્યક્તિત્વોની ઓળખ કરાવવામાં સર્જકની શૈલીમાં આપણને હાસ્ય અને કટાક્ષનાં મિશ્ર ભાવોની નિર્દંશ અનુભૂતિ થાય છે." – આ વિધાનને 'વિનોદની નજરે'ના આધારે સદૃષ્ટાંત ચર્ચો. **14**

**અથવા**

'વિનોદની નજરે'નાં વ્યક્તિચિત્રોનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરી, સર્જક વિનોદ ભaની વિશેષતાઓ તારવો.

3. સમીક્ષાત્મક ટૂંકીનોંધ લખો : (કોઈપણ **બે**) **14**

(1) 'વિનોદની નજરે'માં રાવજી પટેલની છબી

(2) 'વિનોદની નજરે'માં ઉમાશંકર જોશીનું વ્યક્તિત્વ

(3) 'વિનોદની નજરે'ના તારક મહેતામાં હાસ્યનું નિરૂપણ

(4) 'વિનોદની નજરે'માં યશવંત શુક્લનું શિસ્તપ્રિય વ્યક્તિત્વ

4. પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો : (કોઈપણ **બે**) **14**

(1) 'ઈશ્વરે માણસને બનાવ્યો છે એ કરતાં માણસ ઈશ્વરને વધારે પ્રમાણમાં બનાવે છે.'

(2) 'સાપની જાતમાં આ એક જ સાપ એવો છે, જે કરડે તો પણ ઝેર ન ચડે.'

(3) 'રડ નહિ, હું બીજી વાર પરણવાનો છું.'

(4) 'જુઓ બે'ન, માણસ છે તે ભૂલેય થાય. એક વાર થઈ; કદાચ બીજી વારેય થશે...'

5. યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર આપો : **14**

(1) વિનોદ ભaનો જન્મ કયા પર્વમાં થયો ?

(a) દશેરા (b) દિવાળી

(c) મકરસંક્રાન્તિ (d) રમઝાન ઈદ

(2) 'વિનોદની નજરે'માં વિનોદનો અર્થ શું થાય છે ?

(a) ગંભીર (b) વિચાર

(c) રમૂજ (d) કલ્પના

(3) નીચેનામાંથી કયું વિનોદ ભaનું પુસ્તક છે ?

(a) વિનોદના પ્રેમપત્રો (b) વિનોદની કટાક્ષકથાઓ

(c) વિનોદના ચલચિત્રો (d) વિનોદની નવલિકાઓ

(4) 'વિનોદની નજરે'માં છેલ્લું રેખાચિત્ર કોનું છે ?

(a) ઉમાશંકર જોશી (b) અશોક હર્ષ

(c) જ્યોતીન્દ્ર દવે (d) વિનોદ ભa

(5) 1989માં વિનોદ ભaને કયો ચંદ્રક મળ્યો ?

(a) કુમાર ચંદ્રક (b) સંસ્કાર ચંદ્રક

(c) ઉમાશંકર જોશી ચંદ્રક (d) રણજિતરામ સુવર્ણચંદ્રક

(6) 'વ્હોટ ઈઝ ધૅર ઈન એ નેઈમ ?' વિધાન કયા રેખાચિત્રમાં આવે છે ?

(a) નિરંજન ભગત (b) લાભશંકર ઠાકર

(c) રઘુવીર ચૌધરી (d) ઉમાશંકર જોશી

(7) વિનોદ ભaનું જન્મસ્થળ કયું છે ?

(a) ભાદોલ (b) નાંદોલ

(c) ચાંણોદ (d) સાણંદ

(8) 'રેખાચિત્ર' માટે અંગ્રેજીમાં કયો શબ્દ છે ?

(a) Character (b) Essay
(c) Sketch (d) Short Story

(9) નીચેનામાંથી કયું પુસ્તક બકુલ ત્રિપાઠીનું છે ?

(a) સ્ત્રીનાં ચિત્રો (b) પુરુષોનાં ચિત્રો
(c) સગાંનાં ચિત્રો (d) મિત્રોનાં ચિત્રો

(10) વિનોદ ભટ્ટે કયા વિદેશીનું રેખાચિત્ર સર્જ્યું છે ?

(a) ચાર્લી ચેપ્લિન (b) થોમસ હાર્ડી
(c) ટૉલ્સટોય (d) એલેકઝાંડર ડ્યૂમા

(11) વિનોદ ભaની જન્મતારીખ અને સાલ જણાવો.

(a) 14મી જાન્યુઆરી, 1938 (b) 14મી જાન્યુઆરી, 1940
(c) 16મી જાન્યુઆરી, 1939 (d) 12મી જાન્યુઆરી, 1935

(12) વિનોદ ભaના પિતાનું નામ જણાવો.

(a) જશવંતલાલ (b) રમણિકલાલ
(c) જેસીંગલાલ (d) જયંતિ દલાલ

(13) વિનોદ ભa કયો વ્યવસાય કરતા હતા ?

(a) પોલીસ ઈન્સ્પેક્ટર (b) કસ્ટમ ઈન્સ્પેક્ટર
(c) ઈન્કમટેક્ષ કન્સલ્ટન્ટ (d) પ્રોપર્ટી બ્રોકર

(14) 'વિનોદની નજરે'ના પુનર્મુદ્રણનો મહિનો અને વર્ષ જણાવો.

(a) એપ્રિલ, 2002 (b) એપ્રિલ, 2003
(c) એપ્રિલ, 2001 (d) એપ્રિલ, 2004

---